# શ્રી સીમંધરસ્વામીને વિનંતી

''मोक्षमार्गस्य नेतारं, भेतारं कर्मभूभृताम।
ज्ञातारं विश्वतत्वानां, वंदे तद् गुण लब्धये।।''

હે જિનરાજ! હે પ્રભુ! હે નિષ્કારણ કરૂણાના સ્વામી! તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોકયપ્રકાશક છો. શ્રી સદ્ગુરૂના પરમ અનુગ્રહથી જાણ્યું કે મારૂં સ્વરૂપ પણ સત્તાએ એવું જ છે. તે ગુણોને પ્રાપ્ત કરવા- પ્રગટ કરવા હે નાથ! હું તમારે શરણે આવ્યો છું.

એ સ્વરૂપ પ્રગટ કરવાનો એક જ ઉપાય આપશ્રીએ પ્રકાશ્યો છે કે જેને એવું સ્વરૂપ પ્રાપ્ત છે, પ્રગટ છે એવા નિષ્કારણકરૂણાના સ્વામી શ્રી જિનેશ્વર ભગવંતનો અથવા એમની નિશ્રામાં રહેલ આત્મજ્ઞાની, ગીતાર્થ, નિર્ગ્રંથ ગુરૂ ભગવંતનો યોગ પામી, એમની નિશ્રામાં સર્વવિરતિ ધારણ કરી, સર્વાર્પણભાવે શ્રી જિનાજ્ઞાનું સર્વાંગીણપણે આરાધન કરવું.

હે નાથ! મને ભવાંતરે શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન એવા આપશ્રીનો પ્રયત્ક્ષ યોગ અને મોક્ષપ્રાપક બીજી સર્વસામગ્રી પ્રાપ્ત થાય, તે માટેની યોગ્યતા મારામાં પ્રગટે એવી કરૂણા કરો. તે માટે નિરંતર ચતુ:શરણનો સ્વીકાર, આ ભવ-પરભવનાં દુષ્કૃત્યોની તીવ્ર ગર્હા અને ઉલ્લાસપૂર્વક સ્વપરનાં સુકૃતોની અનુમોદના તથા સેવન દ્વારા ઉત્કૃષ્ટ આરાધકભાવ પ્રગટો આપશ્રીના અનુગ્રહથી તથા શ્રી ગુરૂ ભગવંતના ચરણ સેવનથી આપનાં પ્રત્યે અવિહડ અનુરાગ પ્રગટો. **''तमेव सच्चं नि:संकंजं जिणेहिं पवेघ्यमा.....''** નાં અખંડ પરિણામ હો. આપશ્રીએ પ્રકાશેલ નવ તત્વનું યથાર્થ શ્રધ્ધાન હો, જેના પરિણામે જડ-ચેતનનો, સ્વ-પરનો વિવેક-ભેદજ્ઞાન થાય કે ''હું દેહાદિ સ્વરૂપ નથી, દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈપણ મારાં નથી. હું શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો આત્મા છું.'' આ આત્મભાવના નિરંતર ભાવતાં ભાવતાં રાગ-દ્વેષની અત્યંત મંદતા, ત્યાગ, વૈરાગ્ય, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકય, સર્વવિરતિ આદિ શુભ ભાવો આપના અનુગ્રહથી મારા આત્મામાં પરિણામ પામો.

જગતના જીવ માત્ર સાથેના વ્યવહારમાં આત્મસમદર્શીત્વ અને શ્રધ્ધાનમાં પરમાત્મ સમદર્શીત્વની દ્રષ્ટિ પ્રગટો. અનાદિનો પુદ્ગલ પ્રત્યેનો રાગ અને જીવ પ્રત્યેનો દ્વેષ દુર થઈ, યથોચિત મૈત્રી-પ્રમોદ-કરૂણા અને માધ્યસ્થ ભરી પરિણતિ અને પ્રવૃત્તિ જીવ માત્ર સાથે હો. અહં-મમત્વની અત્યંત મંદતા થાઓ. પાંચે ઈંદ્રિયોના વિષયભૂત પદાર્થોમાં રહેલી સુખની ભ્રાંતિ દૂર થઈ, મારા સહજ સ્વાભાવિક સુખ-સ્વરૂપનો નિશ્ચય થાઓ.

અનાદિની સંકુચિત સ્વાર્થવૃત્તિ નાશ પામી, કૃતજ્ઞતાભાવ સહિતની પરાર્થરસિકતા પ્રગટો. શ્રી ગુરૂ ભગવંતના ચરણ-શરણમાં રહી દાન, શીલ, તપ, ભાવ, ષડ્ આવશ્યક, શ્રી જિનેશ્વર પરમાત્માની દ્રવ્ય-ભાવ પૂજા, શ્રી નમસ્કાર મહામંત્રનું સુંદર આરાધન, આત્મચિંતન, સમતાનો અભ્યાસ, આદિ દ્વારા દરરોજ યથાશકિત આશ્રવનો ત્યાગ અને સંવર-નિર્જરામાં પ્રવૃત્તિ કરાવો.

આ બધા દ્વારા નિશ્ચય થાઓ કે ચારે સંજ્ઞાઓ મારો સ્વભાવ નથી, પાંચે ઈંદ્રિયો અને મન મારૂં સ્વરૂપ નથી, જેથી સહજભાવે ઉત્તરોત્તર વિષય વાસના અને કષાયો-નોકષાયોની જીવનમાં મંદતા થાય, અને દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય, આદિ ગુણો પ્રગટે અને વૃધ્ધિને પામે. શ્રી ગુરૂ ભગવંતની નિશ્રામાં દેશવિરતિનો સ્વીકાર થાઓ. આત્મભ્રાંતિ છેદક પરમ ઉપકારી શ્રી સદ્ગુરૂ ભગવંતના ચરણમાં સર્વાર્પણભાવે સમર્પિત થઈ તેમની કૃપાથી તેમજ આપશ્રીના અનુગ્રહથી, ઉપર ભાવેલી દોષત્યાગ અને ગુણગ્રહણની મારી ભાવનાઓ સફળ થાઓ.

અનાદિના અહં-મમ તેમજ સંયોગમાં રહેલા જડચેતન પદાર્થોનું મમત્વ અને મહત્વ નાશ પામી, શ્રી દેવ-ગુરૂ-ધર્મ-શાસન પ્રત્યે તીવ્ર મમત્વ, અનુરાગ, બહુમાન પ્રગટે એવી કરૂણા કરો. તે માટે નિરંતર બાર ભાવનાઓનું ચિંતન હો, જેના દ્વારા એક ધન્ય પળે, નિર્વિકલ્પ ઉપયોગ થતાં આત્માની અનુભૂતિ થાઓ, દ્રવ્ય કર્મ-નોકર્મ-ભાવકર્મથી ભિન્ન મારા સચ્ચિદાનંદ સ્વરૂપનું સંવેદન થાઓ.

મારા શાશ્વત અવિનાશી સ્વરૂપનો નિશ્ચય થઈ, **અનિત્ય** એવા સંયોગોમાં રહેલી નિત્યપણાની ભ્રાંતિ નાશ પામો. **અશરણ** એવા આ સંસારમાં વ્યાધિ વખતે કે મરણ વખતે સ્ત્રી, પુત્ર, આદિ પરિવાર કે ધન-દોલત કોઈ જ મને શરણ આપી શકે તેમ નથી, બચાવી શકે તેમ નથી. વ્યવહાર નયથી શ્રી પંચ પરમેષ્ટી ભગવંતો અને આપે કહેલો ધર્મ, તથા નિશ્ચયનયથી મારો વીતરાગભાવ, પરમ સમતાભાવ અને મારા ઉત્તમ ક્ષમાદિ ભાવો એ જ શરણ હો. અનાદિ મોહ-અજ્ઞાનને લીધે જડ પ્રત્યે રાગ અને જીવ પ્રત્યે દ્વેષને આધીન થઈ, સમયે સમયે નવાં કર્મ ઉપાર્જન કરી ચારગતિના **સંસાર**માં પરિભ્રમણ કરી રહ્યો છું. તે અજ્ઞાનને દૂર કરી, સ્વસ્વરૂપનો નિશ્ચય કરાવો-સત્-ચિત્- આનંદ સ્વરૂપ એવો હું આત્મા છું, **એક** છું, અસંગ છું, સર્વ પર દ્રવ્ય, પરભાવથી હું **અન્ય** છું. સંયોગમાં રહેલાં દેહ, સ્ત્રી, પુત્ર, ધન, ધામ કોઈ મારાં નથી. આ દેહ કે જે **અશુચિ**થી ભરેલો છે, મળ-મૂત્રની ખાણ છે, રોગ-જરાનું નિવાસધામ છે, એ દેહનું મમત્વ ત્યજીને-અનાદિની સુખશીલતા ત્યજીને, તેનો ઉપયોગ, મારા સચ્ચિદાનંદ સ્વરૂપને પામવા આપની આજ્ઞાનું આરાધન કરવામાં, અપ્રમત્તભાવે કરૂં એવી શકિત-જાગૃતિ આપો. અનાદિની **આશ્રવ** પરિણતિ-મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયો અને અશુભયોગનો વિરતિ દ્વારા ત્યાગ કરી, યથાશકિત ૫૭ ભેદે **સંવર** અને ૧૨ ભેદે **નિર્જરા**નું સેવન કરતો, આજ્ઞાવિચય આદિ ધર્મધ્યાનનું આલંબન લેતો, આત્માને અધિકને અધિક નિર્મળ કરૂં એવી કરૂણા કરો. અનાદિ અજ્ઞાનથી **ચૌદ રાજલોક**માં પરિભ્રમણ કરતાં કરતાં, તેના એકેક પ્રદેશે અનંતા જન્મ-મરણ કર્યાં છે. જયાં જયાં ગયો ત્યાં ત્યાં તથા પ્રકારના અહં-મમત્વભાવ કર્યા, અને તે ભાવોને જ્ઞાનવિચારે કરીને વોસિરાવ્યા નહિ હોવાથી જગત આખાની અધિકરણની રાવી મને કર્મથી ભારે કરી રહી છે તે વોસિરાવું છું હવે અત્યંત દુર્લભ એવા **બોધિબીજની**આપના અનુગ્રહથી મને પ્રાપ્તિ થાઓ, જેથી અનાદિકાળની દેહાત્મબુધ્ધિનો ત્યાગ કરી, ''હું અસંગ શુધ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છું એવી દ્રઢ પ્રતીતિ થાય-એવું ભાન થાય જેના ફળ રૂપે અત્યંત દુર્લભ એવા **સર્વવિરતિ ચારિત્રને** ગ્રહણ કરવાની ભાવના થાય. હાલ સર્વવિરતિને ધારણ કરવા અસમર્થ હોવાથી, દેશવિરતિનાં જે વ્રતો લીધાં છે, તેનું આત્મશુધ્ધિને લક્ષે નિરતિચારપણે પાલન હો, અને આ ભવે કે ભવાંતરે વહેલામાં વહેલી તકે દ્રવ્ય-ભાવ સર્વવિરતિ ધારણ કરૂં એવી તીવ્ર ભાવના પ્રગટાવો-શકિત આપો.

હે નાથ! હે પ્રભો! આપશ્રીના અનુગ્રહથી, આ પ્રમાણે મારા પરમ ઉપકારી, માર્ગદાતા શ્રી સદ્ગુરૂ ભગવંતના ચરણમાં-શરણમાં સર્વાર્પણ ભાવે નિરંતર રહેતો, આપશ્રીની આજ્ઞાનું-આશ્રવત્યાગ, સંવર ઉપાદેય-આરાધન કરતાં કરતાં એવી પાત્રતા પ્રગટો કે આ દેહ છોડવાના અંતિમ સમયનું જ્ઞાન મને ત્રણ દિવસ અગાઉ થાય જેથી સમાધિમરણની-પંડિતમરણની અપૂર્વ તૈયારી કરી શકું.

એ ત્રણ દિવસ દરમ્યાન પરમ મંગલ અને પરમ ઉત્તમ એવા શ્રી અરહિત ભગવંત, સિધ્ધ ભગવંત, સાધુ ભગવંત અને શ્રી કેવળી ભગવંતે પ્રકાશેલા-પ્રરૂપેલા ધર્મનું સર્વાર્પણભાવે શરણ હો! જાણે-અજાણ્યે થયેલાં, આ ભવનાં અને જન્મ જન્માંતરનાં મારાં સર્વ દુષ્કૃત્યોની તીવ્ર ગર્હા હો અને ત્રણ કાળનાં, ત્રણ લોકનાં આત્મશુધ્ધિને લક્ષે થયેલાં સ્વ-પરનાં સર્વસુકૃત્યોની હાર્દિક અનુમોદના હો!

અનાદિકાળથી આજ દિન સુધીમાં, ચાર ગતિના પરિભ્રમણ દરમ્યાન, ચોરાશીલાખ જીવાયોનિમાં રહેલા અનંત જીવો સાથેના વ્યવહારમાં અનાદિ મિથ્યાવને લીધે, સ્વાર્થવૃત્તિને કારણે, જે કંઈ અનુચિત વર્તન દ્વારા એમના દ્રવ્ય-ભાવ પ્રાણોને દૂભવ્યા હોય, જીવીતવ્યથી રહિત કર્યા હોય, આદિ સર્વ અપરાધોની, હું મન-વચન-કાયાથી તેમની પાસે ક્ષમા માંગું છું, તેમજ મારા જીવ પ્રત્યે તેમનાં તેવા વર્તનોની ક્ષમા આપું છું.

મારે જગતના જીવ માત્ર સાથે મૈત્રીભાવ હો; તેમની સાથે અનાદિકાળથી સેવેલા સર્વ વૈર-વિરોધોને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. તે સર્વ જીવો વહેલામાં વહેલી તકે આત્મ-કલ્યાણને પામો. તે માટે તેઓ નિરંતર બીજાના હિતમાં લીન હો. અનાદિકાળથી પરદોષ દર્શનની દ્રષ્ટિથી જીવો દુ:ખી દુ:ખી થઈ રહ્યા છે. તેને બદલે હવે. સર્વ જીવો પરદોષ દર્શનથી વિરામ પામી, પરગુણદર્શન અને સ્વદોષદર્શન તરફ વળી, કૃતજ્ઞતા ભાવ સહિત જગતના જીવ માત્રના હિતસ્વી અને પરોપકાર-પરાયણ બનો. જગતમાં કોઈ જીવ પાપ ન કરો, દુ:ખી ન થાઓ, જિજ્ઞાનનું આરાધન કરતાં કરતાં સર્વજીવો સકલ કર્મરાશિથી મુકત થઈ, અનંત અવ્યાબાધ સમાધિસુખને પામો.

વિશેષમાં ઋણાનુબંધના સંબંધે આ ભવમાં ભેગા થયેલા કુટુંબીજનો સાથે, જાણે-અજાણ્યે તેમની સાથે જે કંઈ અનુચિત વ્યવહાર, અવિનય, અપરાધ, અભકિત થયાં હોય તે બદલ સર્વની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા માગું છું-મિચ્છામિ દુકકડમ (૩ વાર). મારા સર્વ અપરાધોની તેઓ ક્ષમા આપો. હું પણ તમારા આ દેહ પ્રત્યે થએલા સર્વ અપરાધોની ક્ષમા આપું

છું. કોઈ સાથે કિંચિત માત્ર પણ રાગ કે દ્વેષ કે મોહ ન હો. અને તમને સર્વને પણ ખાસ ભલામણ છે કે તમોને મહાન પુણ્યના ઉદયથી આ જિનશાસન, આદિ મળ્યાં છે તે સર્વ સામગ્રીનો આત્મ કલ્યાણ અર્થે અપ્રમત્તભાવે ઉપયોગ કરી આ ભવને સાર્થક કરજો.

હવે, ભવાંતરે જેમના પ્રત્યક્ષ યોગને આત્મશ્રેયાર્થે પામવા, મેં જે નિરંતર ભાવના ભાવી છે એ મારા પરમ આરાધ્યદેવ શ્રી સીમંધરદાદાના ધ્યાનમાં લીન થાઉં છું. શ્રી સીમંધર દાદાની સાક્ષીએં, આ ભવમાં ઉચ્ચરેલાં દેશવિરતિ વ્રતો આદિમાં જે અતિચાર-અનાચાર લાગ્યા હોય તે સર્વેની ક્ષમાપના માગતો મિચ્છામિ દુકકડમ્ દઉં છું, તેમજ દેવ-ગુરૂની સાક્ષીએ ભાવથી પાંચ મહાવ્રત ધારણ કરૂં છું અને ભાવું છું કે મને ભવોભવ સાચું સાધુપણું પ્રાપ્ત થજો.

આ પ્રમાણે શુભ ભાવનાઓ ભાવતાં ભાવતાં હું, પૂર્ણ વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી, પરમ કરૂણા સાગર શ્રી સીમંધરપ્રભુના સ્મરણ-શરણ-સ્વરૂપમાં લીન થતો મારા શુધ્ધ આત્મસ્વરૂપમાં લીન થાઉં છું- "સર્વથી (દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ) સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુધ્ધ અનુભવરૂપ હું છું. ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી! હું માત્ર નિર્વિકલ્પ, શુધ્ધ શુધ્ધ, પ્રકૃષ્ટ શુધ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરૂં છું. તન્મય થાઉં છું. શાંતિ: શાંતિ: શાંતિ:"

**આમ શાંત સ્વરૂપમાં લીન થતો થતો, અંત સમયે ચારે પ્રકારના** આહારનો પચ્ચકૃખાણ પૂર્વક ત્યાગ કરી, સાગારિક અનશન સ્વીકારતો, જડ-ચેતન સર્વ સંયોગમાંથી મમત્વભાવને પ્રત્યાખ્યાનપૂર્વક વોસિરાવતો, દેહમાં આત્મ બુધ્ધિ અને આત્મામાં દેહબુધ્ધિને સર્વથા ઉપયોગ પૂર્વક વોસિરાવતો વોસિરાવતો, હે મારા પરમ આરાધ્ય શ્રી સીમંધરદાદા! આપના સાન્નિધ્યમાં આવવા માટે મને પરમ મદદગાર, કલ્યાણમિત્રરૂપ એવા મૃત્યુને અત્યંત હર્ષપૂર્વક-ઉલ્લાસપૂર્વક હું આવકારૂં છું.

હવે અંત સમયે અસંગપણે, નિર્મોહપણે, યથાર્થ સમરસપણે, સ્વસ્વરૂપમાં તલ્લીન ઉપયોગવાળો બની, અનંત ચતુષ્ટય સ્વરૂપ એવા હે શ્રી સીમંધર સ્વામિ! આપ અને આપે કહેલા ત્રિકાળ જયવંત ધર્મના આશ્રય અને શરણપૂર્વક આ દેહ છોડી, આપશ્રી જયાં બિરાજમાન છો તે મહાવિદેહ ક્ષેત્રમાં નિવાસ કરી રહેલ, આપનાં પરમ ભકત એવાં આત્મજ્ઞાની, ધ્યાની, દેશવિરતીધર શ્રાવિકાજીની કુક્ષીએ હું અવતરણ પામું કે જે શ્રાવક કુળમાં મને મોક્ષપ્રાપક સર્વ સામગ્રી સહજભાવે પ્રાપ્ત થાય. ગર્ભકાળથી જ આપની પરમભકિતનાં પિયૂષ મળે, ઉત્તમ આચાર-વિચારના સંસ્કાર પડે. બાળપણથી જ શ્રી ગુરૂ મુખે શ્રી નવકાર પામી, ષડ્ દ્રવ્ય-નવતત્વના સ્વરૂપને સમજી, સ્વ-પરનો વિવેકવાળો થાઉં. યથાશકિત આશ્રવનો ત્યાગ કરતો, સંવર-નિર્જરામાં પ્રવૃત્તિ કરતો, ષડ આવશ્યક, દ્રવ્ય-ભાવથી શ્રી જિનપૂજા, શ્રી નવકારનું ધ્યાન, આદિ અનુષ્ઠાનો રૂડી રીતે શ્રી ગુરૂભગવંતની નિશ્રામાં સેવતો, આપશ્રીની આજ્ઞાનો પરમ આરાધક થાઉં. મૈત્રી, આદિ ચાર અને અનિત્ય, અશરણ, આદિ બાર ભાવનાઓને આત્મસાત કરતો, આત્મશુધ્ધિના લક્ષે દાન-શીલ-તપમાં ભાવપૂર્વક ઉત્કૃષ્ટ વીર્ય ફોરવતો, મારા શુધ્ધ આત્મસ્વરૂપનું નિરંતર ચિંતન કરતો; ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને આપની આશ્રય ભકિતમાં અત્યંત દ્રઢ થાઉં એવી હે પ્રભુ! મારા પર કરૂણા કરો.

સંસારની અનિત્યતા, અશરણતા, અસારતા, એકાંત દુ:ખમયતાનો આપશ્રીના વચનના આલંબને એવો દ્રઢ નિશ્ચય થાઓ કે સંસાર પ્રત્યે ઉત્કૃષ્ટ નિર્વેદ પ્રગટે- સર્વવિરતિના પરિણામ પ્રગટે-એક જ ઝંખના હો કે કયારે આઠ વર્ષનો થાઉં અને આપશ્રીની નિશ્રામાં આવી સર્વવિરતિ ધારણ કરૂં? કયારે મારા શુધ્ધ-બુધ્ધ સ્વરૂપને પામું? આમ આપશ્રી પ્રત્યેની આશ્રય ભકિતથી મારા આત્માના પ્રદેશેપ્રદેશ, દેહના અસ્થિ-મિજ્જા, રોમ-રોમ એવા રસાઈ જાય કે "તું હિ તું હિ"નો એક નાદ પ્રગટે.

આઠ વર્ષ પૂરાં થતાં, એક ધન્ય દિવસે સદેશવાહક શુભ સમાચાર લઈને આવે છે કે આપશ્રી અમારા નગરના ઉધાનમાં સમોસર્યા છો. સાંભળતા જ રોમરાજી વિકસ્વર થઈ જાય છે. હૃદયમાં આનંદ સમાતો નથી. સંદેશવાહકને અત્યંત રાજી કરી, અમે સૌ કુટુંબીજનો આપશ્રીનાં દર્શને આવીએ છીએ. સમોવસરણમાં બિરાજમાન આપશ્રીનાં દર્શન થતાં જ હૈયું નાચી ઉઠે છે. હે બાર ગુણોના સ્વામિ! હે અનંત ચતુષ્ટયાના નાથ! હે સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ પ્રભુ! હે અઢાર દોષથી રહિત નાથ! હે પરમ કરૂણા સાગર! તરણ તારણ એવા આપશ્રીનાં દર્શન કરીને હું ધન્ય થયો! કૃતાર્થ થયો!

હે પ્રભુ! આ ભવસાગરથી મને હવે તારો. એક તારો જ મને આધાર છે! એવા ભાવપૂર્વક હું સમવસરણમાં યથાસ્થાને બેઠો. જગતના જીવ માત્ર સુખી થાય એવી અત્યંત કરૂણા જેના હૃદયમાંથી નિરંતર વહી રહી છે, મૃષાવાદના કારણરૂપ રાગ, દ્વેષ અને અજ્ઞાનનો સર્વથા નાશ કરી જેઓ સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ થયા હોવાથી ત્રણે કાળ અને ત્રણે લોકના સ્વરૂપને યથાર્થ રીતે જણાવનારા છે, ત્રણે લોકના હિતકારી ઉપદેશક છે એવા અચિંત્ય સામર્થ્યના સ્વામિએ જગતના જીવ માત્ર સુખી થાય એવી નિષ્કારણ કરૂણાથી દેશના શરૂ કરી:-

"હે ભવ્યો! જગતના જીવ માત્ર અનાદિકાળથી સુખને જ ઝંખે છે, અને તે માટે જ પુરૂષાર્થ કરી રહ્યા છે, છતાં નિરંતર ત્રિવિધ તાપ (આધિ, વ્યાધિ અને ઉપાધિ)થી બળતા જ દેખાય છે. એક સમય માત્ર પણ એને શાંતિ નથી. તો તેનું શું કારણ? તેનું કારણ તો એક જ છે કે "પોતે કોણ છે? સુખ કયાંથી મળે?" એનો યથાર્થ નિશ્ચય નહિ થયો હોવાથી, તે પોતાના સત સ્વરૂપને ભૂલી, પરમાં પોતાપણાની તેમજ જેમાં સુખનો અંશ માત્ર પણ નથી એવા જડ પદાર્થોમાં સુખની ભ્રાંતિથી, અનાદિકાળથી દુ:ખી થઈ રહ્યો છે. આ ભ્રાંતિનો નાશ, સત્ દેવ એવા અરિહંત પરમાત્મા અને તેમની નિશ્રામાં રહેલા, તેમની આજ્ઞાના આરાધક, પંચ મહાવ્રતધારી, શુધ્ધ પ્રરૂપક એવા સદ્ગુરૂ જ, કરી શકે છે. તેથી તેમને યથાર્થ ઓળખી, તેમના શ્રીમુખેથી વસ્તુના સ્વરૂપને યથાર્થ સમજી, નિશ્ચય કરી, સર્વ ભ્રાંતિનો નાશ કરી, તેમની નિશ્રામાં સર્વવિરતિરૂપ દ્રવ્ય-ભાવ ચારિત્ર અંગીકાર કરી, તેમની આજ્ઞાનું નિરતિચાર પાલન કરવું એ જ એક માત્ર સુખી થવાનો ઉપાય છે.

આમ કહી પ્રભુએ નિષ્કારણ કરૂણા કરી, ક્રમશ: સત્ દેવ-સત્ગુરૂ અને સત્ ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું. સમસ્ત લોકાલોકના સ્વરૂપને ષડ્દ્રવ્ય અને નવ તત્વ દ્વારા પ્રકાશી, જડ-ચેતનનો- સ્વ.પરનો વિવેક કરાવ્યો. ચારે ગતિનાં ભયંકર દુ:ખોનું વર્ણન કરી, સંસારની અસારતાનો, અશરણતાનો વિવેક કરાવ્યો. અત્યંત એકાગ્ર ચિત્તે, ભાવવિભોર થઈ, પ્રભુની દેશના સાંભળતાં સાંભળતાં મારા આત્મામાં સ-દર્શનના ઉત્કૃષ્ટ પરિણામ પ્રગટયા... **"तमेव सच्चं, नि:संकं जं जिणेहिं पवेय्यम"** ના નિર્મળ પરિણામ પ્રગટતાં, અરિહંત એ જ મારા દેવ, એમની નિશ્રામાં રહેલ નિર્ગ્રંથ ગુરૂ એ જ મારા ગુરૂ અને એમણે કહેલો ધર્મ એ જ મારો ધર્મ છે એમ દ્રઢ શ્રધ્ધા થઈ. આત્માના છ પદનું ભાન થયું.

આ શ્રધ્ધાના પ્રભાવે જડ-ચેતનનો, સ્વ.પરનો એવો વિવેક પ્રગટ થયો કે "હું દેહાદિ સ્વરૂપ નથી, સંયોગમાં રહેલા કુટુંબીજનો કે ધન-દોલત કોઈ મારાં નથી. હું સત્-ચિત્-આનંદ સ્વરૂપ એવો આત્મા છું. એવું જ જગતના જીવ માત્રનું સ્વરૂપ છે, આત્મસમદર્શીત્વભાવ પ્રગટતાં તેમને અભયદાન દેવાના ઉત્કૃષ્ટ પરિણામ પ્રગટયા. સંસારની અનિત્યતા, અશરણતા, અસારતા સમજાતાં ભવ નિર્વેદ પ્રગટયો. દ્રવ્ય-ભાવ સર્વવિરતિના પરિણામ પ્રગટયા.

પછી હું મારા સ્થાનેથી ઉભો થઈ, પિતાશ્રીની રજા લઈ, પ્રભુ પાસે જઈને મેં વિનંતિ કરી કે "હે પ્રભુ! હવે આ ભયંકર ભવસાગરથી મને તારો. મારા પર કરૂણા કરો." પ્રભુએ કહ્યું "હે વત્સ! એના માટે સર્વવિરતિ એ જ શ્રેષ્ઠ ઉપાય છે." મેં કહ્યું "પ્રભુ! તહત્તિ." પ્રભુની આજ્ઞા થતાં, તુરત જ ઈંદ્ર મહારાજાએ મને મુનિવેષ આપ્યો અને શ્રી ગણધર ભગવંતે "કરેમિ ભંતે!" ઉચ્ચરાવી મને જાવજજીવનું સામાયિક વ્રત ગ્રહણ કરાવ્યું. હું ધન્ય થઈ નાચી ઉઠયો.

શ્રી પ્રભુજીના ચરણમાં નિ:શંકપણે, સર્વાર્પણભાવે, કેવળમોક્ષની અભિલાષાથી જ સમર્પિત થઈ, સર્વાંગીણપણે એમની આજ્ઞાનું આરાધન કરતાં કરતાં, એક ધન્ય દિવસે, ધ્યાનધારામાં લીન થતાં, ક્ષપકશ્રેણીએ ચઢી જતાં ચારઘાતી કર્મોનો ક્ષય થતાં લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન પ્રગટયું. શેષ આયુષ્ય પ્રારબ્ધપણે વિચરતાં, આયુષ્યના અંતે શૈલેષીકરણ કરી, અયોગી ગુણસ્થાનકને સ્પર્શી, હું સાદિ અનંત ભાંગે ઉર્ધ્વગતિને પામી સિધ્ધ શીલા પર, અવ્યાબાધ સમાધિસુખમાં બિરાજમાન થયો. અને તે સમયે જ શ્રી તીર્થંકર ભગવંતના અને શ્રી સિધ્ધ ભગવંતના અનુગ્રહથી એક જીવન અવ્યવહાર રાશિમાંથી બહાર આવ્યો, જે કાળક્રમે જિનાજ્ઞા આરાધતાં સિધ્ધ દશા પામશે. એવી જ રીતે, તેમના અનુગ્રહથી અનંતા જીવ પરંપરાએ સિધ્ધ દશા પામશે. હું સર્વથા ઋણમુકત થયો.

**ॐ શાંતિ: શાંતિ: શાંતિ:**